Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

માગશર

પુસ્તક ૭૮ મું
અંક ૨
૫ મી જાન્યુઆરી

વીર સં. ૨૪૮૭
વિ. સં. ૨૦૧૮
ઇ. સ. ૧૯૬૨

धम्मलद्धं मियं काले,
जत्तत्थं पणिहाणवं ।
नाइमत्तं तु भुंजेज्जा,
बंभचेररओ सया ॥ १२ ॥

जहा दवग्गी पउरिंधणे वणे,
समारुओ नोवसमं उवेइ ।
एविंदियग्गी वि पगामभोइणो,
न बंभयारिस्स हियाय कस्सई ॥ १४ ॥

ધર્મપૂર્વક પ્રાપ્ત કરેલું, પરિમિત, યથાવસર અને સંયમનો નિર્વાહ કરવા પૂરતું તથા સાધક માટે ખાન-પાનની જે મર્યાદા શાસ્ત્રમાં બતાવેલ છે તે કરતાં ન્યૂન કે અધિક નહિ એવું ભોજન અને પાન, ધ્યાન સમાધિ સાધક બ્રહ્મચર્ય પરાયણ ભિક્ષુએ હમેશાં લેવું ઘટે.

જેમ સૂકાં ઈંધણાં એકઠાં કરવામાં આવેલાં છે એવા વનમાં દાવાનળ લાગે અને સાથે સાથે તે જ વખતે જોરદાર પવન ફૂંકાતો શરૂ થયો હોય તો પછી, તે દાવાનળ જેમ જલદી ન બુઝાય, એ જ પ્રકારે જે બ્રહ્મચારી ભિક્ષુ ઠાંસી ઠાંસીને ભોજન અને પીણાંનો ઉપયોગ કરે છે, તેનો ઇંદ્રિય દાવાનળ જલદી બુઝાતો નથી પણ ઉલટો વધારે વધે છે, અને તે તેના હિત માટે નથી કારણ કે, છેવટે તો એ દાવાનળ તેના સંયમ, સાધના વગેરેને બાળીને ભસ્મ કરી નાખે છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર

For Private And Personal Use Only

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૭૮ મું : વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


૧ સમરો નવકાર ... ... ... (કવિશ્રી રૂપચંદ ભોજક) ૧૭
૨ અનન્ત પાપ (સુનંદા રૂપસેનનો રાસ) ... ... (મુનિ મનમોહનવિજયજી) ૧૮
૩ નિરાંતે ઉંઘો! ... ... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૨૨
૪ શ્રી વર્દ્ધમાન-મહાવીર : ૨૭ ... ... (સ્વ. મૌક્તિક) ૨૪
૫ જૈન સાહિત્યમાં "પાર્શ્વ" ... ... (શ્રી હીરાલાલ R. કાપડીયા M. A.) ૨૮
૬ [illegible]સાગરગણિ સંકલિત નામ-મંજરી ... ... (શ્રી અગરચંદ નાહટા) ૩૦
૭ શ્રી મહાવીર જિન પારણું ... ... (મુનિ નિત્યાનંદવિજય) ૩૨



અપૂર્વ પ્રકાશન — અવશ્ય વસાવો

# લલિત વિસ્તરા

કર્તા—સમર્થ વિદ્વાન મહર્ષિ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી

વિવેચનકર્તા—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૭૨૦, પાકું હાલકલોથ બાઈન્ડીંગ, સુંદર છાપકામ

મૂલ્ય માત્ર રૂપિયા નવ

"શ્રી સિદ્ધર્ષિ જેવા મહાવિદ્વાન આચાર્ય મહારાજશ્રી પણ જે ગ્રંથના વાચનથી જૈન ધર્મમાં સ્થિર થયા હતા આ અપૂર્વ ગ્રંથનું મૂલ્યાંકન થઈ શકે નહિ.

જૈન ધર્મનું હાર્દ સમજવા માટે તેમજ ચૈત્યવંદન-રહસ્ય સમજવા માટે આના જેવો ઉત્તમ કોટિનો કોઈ ગ્રંથ નથી. આ ગ્રંથને આબાળવૃદ્ધ સૌ કોઈ સરળતાથી સમજી શકે તે માટે વિદ્વાન લેખક ડૉ. ભગવાનદાસે સુંદર વિવેચન આલેખ્યું છે અને તે અંગે પંચાંગી યોજના કરી છે.

અતિ આવશ્યક આવા ગ્રંથની પ્રશંસા કરવી તે સુવર્ણને ઓપ આપવા જેવું છે. દરેક ધર્મપ્રેમી ગૃહસ્થે અને લાયબ્રેરીના વ્યવસ્થાપકે આવો સુંદર ગ્રંથ વસાવી લેવો જોઈએ. કીંમત રૂપિયા નવ, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૮ મું અંક ૨ | માગશર | વીર સં. ૨૪૮૮ વિક્રમ સં. ૨૦૧૮

# સમરો નવકાર

( કવીત )

નર સમરો નવકાર લહો ઘર સંપત્તિ લક્ષ્મી,
નર સમરો નવકાર મિલે ઘર ઘરણી અચ્છી,
નર સમરો નવકાર સદા સુખ હોય સવાઇ,
નર સમરો નવકાર નડે કુમણા ન કાંઇ,
નવકાર નેમ લીધે થકે લાખ ઉપાય ન ખંડીએ,
રૂપ કહે સુણયો નરા! એક નવકાર ન છોડીએ. ॥ ૧ ॥

( પદ : રાગ પ્રભાતી )

દેવ નિરંજન ભવભય ભંજન તત્ત્વજ્ઞાન કા દરીયા હે ॥
મતિ સુત અવધિ મનપર્યવ નાણી કેવલ જ્ઞાને ભરીયા હે ॥ ૧ ॥
કામ, ક્રોધ, મદ, મત્સર, મારણ અષ્ટ કરમકું હરીયા હે ॥
ચારે નારી દુર નીવારી પંચમી સુંદરી વરીયા હે ॥ ૨ ॥
દર્શન જ્ઞાન એકલસજ્જા ક્ષીર દધિજ્યું ભરીયા હે ॥
રૂપચંદ પ્રભુ નામકિ નાવેં જે બેઠા તે તરીયા હે ॥ ૩ ॥

—કવિ શ્રી રૂપચંદ ભોજક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનનું પાપ

## સુનંદા રૂપસેનનો રાસ

(અંક ૧૧-૧૨ થી ચાલુ)

ચતુરા સખી કુમરી તણી, સમજી મનની વાત મેરે લાલ;
કરૂં તૈયારી તુજ લગ્નની, કહી ઈચ્છા તુજ માત મેરે લાલ. મોહની. ૨૫
કુમરી કહે સુણ સાહેલી, વાત ન કરવી હાલ મેરે લાલ;
શરમાળ હું છું સુંદરી, કહેવી સમય સુકાળ મેરે લાલ. મોહની. ૨૬
ઢાલ બીજી સુનંદાતણી, કહી મોહની રસાલ મેરે લાલ;
મોહની કર્મને બાંધતાં, ભટકે જીવ બહુ કાળ મેરે લાલ. મોહની. ૨૭

### ઢાળ ત્રીજી

શ્રેઠિ વસુદત્ત તિહા વસે રે, લક્ષ્મીતણો નહિ પાર; સંસાર બુરો છે.
ધર્મ, દેવ, જયસેન, તથા રે રૂપસેન પૂત્ર ચાર. સંસાર બુરો છે. ૨૮
રૂપસેન ગુણ રત્નાકરૂ રે, નગરીમાં ફરનાર; સંસાર બુરો છે.
અશ્વે ચઢી પુરમાં ફરે રે, આવે ભર બજાર. સંસાર બુરો છે. ૨૯
તાંબુલ ખાવા કારણે રે, તંબોલીને દ્વાર; સંસાર બુરો છે.
રાજ્ય મહેલ સન્મુખ રહ્યો રે, જોતી સુનંદાનાર. સંસાર બુરો છે. ૩૦
રૂપ દેખી કુમર તણું રે, પ્રગટ્યો કામ વિકાર; સંસાર બુરો છે.
દાસીને તેડી કહે રે, સમશ્યા દે આ વાર. સંસાર બુરો છે. ૩૧
એમ કહી સમશ્યા લખી રે, દાસી દીએ કુમાર; સંસાર બુરો છે.
કુમર સમશ્યા પઢી કરી રે, હર્ષ થયો અપાર. સંસાર બુરો છે. ૩૨
મુખ દિઠા વિણ ચંદ્રનું રે, નલિની અફળ અવતાર; સંસાર બુરો છે.
તસ ઉત્તર લખી દીએ રે, દાસી મહેલ મોઝાર. સંસાર બુરો છે. ૩૩
નલિનિ વિકસીત નહિ કરી રે, જન્મ ચંદ્ર અસાર; સંસાર બુરો છે.
વાંચી ઉત્તર કુંવર તણો રે, હરષિત થઈ તે નાર. સંસાર બુરો છે. ૩૪
કુંવર આપ ઘરે ગયો રે, સુનંદા કરે વિચાર; સંસાર બુરો છે.
સફળ થાય મુજ જીંદગી રે, સેવું તે કુમાર. સંસાર બુરો છે. ૩૫
વસંત ઉત્સવ ઉજવે રે, રાય તણો આદેશ; સંસાર બુરો છે.
નગર લોક ઉત્સવ ગણે રે, કુમરી દર્દ વિશેષ. સંસાર બુરો છે. ૩૬
કપટ કળા ત્યાં કેળવી રે, રૂપસેન બીમાર; સંસાર બુરો છે.
સંકેત કીધો નિશિ તણો રે, મહેલ પછિતને દ્વાર. સંસાર બુરો છે. ૩૭



For Private And Personal Use Only

માનવ ઇચ્છા કરે ઘણી રે, બને ભાવી બનનાર; સંસાર બુરો છે.
મહાબળ જુગારી ફરે રે, દિઠી સીડી સાર. સંસાર બુરો છે ૩૮

એહવું મનમાં ચિંતવે રે, કુણને સંકેત કીધ; સંસાર બુરો છે
ભાગ્ય મહારાં ઉજળાં રે, કાર્ય કરૂં મુજ સિદ્ધ. સંસાર બુરો છે. ૩૯

સીડી હલાવી હાથથી રે, દાસી જુએ બહાર; સંસાર બુરો છે.
કુમરી આજ્ઞા સુણતા રે, તસ્કર હર્ષ અપાર. સંસાર બુરો છે. ૪૦

નિશી સમયને કારણે રે, કામીને મન કામ; સંસાર બુરો છે
દિપક સરવે બુઝવી રે, પૂર્ણ કરી તસ હામ. સંસાર બુરો છે. ૪૧

મોકલે રાણી દાસીને રે, તબીયત જોવા કાજ; સંસાર બુરો છે.
સુણતાં અવાજ બારણે રે, ચિંતા રાખણ લાજ. સંસાર બુરો છે. ૪૨

ખોલે દ્વાર રંગમોહલના રે, દાસી દેખી તામ; સંસાર બુરો છે.
વિષય ઇચ્છા પૂર્ણ કરી રે, છોડે તસ્કર ઠામ. સંસાર બુરો છે. ૪૩

કંઠ આભુષણ તુટતાં રે, લેતો ચોર તે જાર; સંસાર બુરો છે.
કુમરી ચિંતે મનમાં રે, રૂપસેન લીએ સાર. સંસાર બુરો છે. ૪૪

પાછળ બન્યું તે સાંભળો રે, કુંવર હર્ષ અપાર; સંસાર બુરો છે.
બની ઠનીને આવતો રે, મન સુનંદા નાર. સંસાર બુરો છે. ૪૫

પડતર ભીંત પડી તિહાં રે, રૂપસેન જીવ જાય; સંસાર બુરો છે.
વિષય ભાવના ચિત્તમાં રે, કુમરી ગર્ભ માંય. સંસાર બુરો છે. ૪૬

ગર્ભપાત કરે તિહાં રે, લગ્ન તણો વિચાર; સંસાર બુરો છે.
રૂપસેન મરી સર્પ થયો રે, ક્ષિતિ પ્રતિષ્ઠિત મોઝાર. સંસાર બુરો છે. ૪૭

ક્ષિતિ પ્રતિષ્ઠિત રાજવીરે, પૃથ્વીવલ્લભ નામ; સંસાર બુરો છે.
પરણે સુનંદા તેહને રે, સફળ થયું સહુ કામ. સંસાર બુરો છે. ૪૮

દંપતિ જાવે ઉદ્યાનમાં રે, સર્પ દિઠી તે નાર; સંસાર બુરો છે.
મોહ વશે તસ મુખને રે, જોતાં હર્ષ અપાર. સંસાર બુરો છે. ૪૯

રાણી જુએ સાપને રે, ભયભિત કરે અવાજ; સંસાર બુરો છે.
ચીસ સુણી સેવક તિહાં રે, મારે તે અહી રાજ. સંસાર બુરો છે. ૫૦

સર્પ મરીને કાગ થયો રે, ભાષા બહુ જ અસાર; સંસાર બુરો છે.
આનંદ દંપતિ કરે તિહાં રે, સેવક કરતો ઠાર. સંસાર બુરો છે. ૫૧

કાગ મરીને હંસ થયો રે, કાગ હંસ એક ઝાડ; સંસાર બુરો છે.
કાગ વિષ્ટા નૃપ સિર કરે રે, કર્યા બંદુક નાદ. સંસાર બુરો છે. ૫૨

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાગ ઉડ્યો હંસ રહે રે, પડ્યો તેણી વાર; સંસાર બુરો છે.
હંસ મરીને મૃગ થયો રે, ભોજન હર્ષ અપાર. સંસાર બુરો છે. ૫૩

વાણી ગુરૂની સાંભળી રે, રાણી શોક ન માય; સંસાર બુરો છે.
કહે ગુરૂને દાખવો રે, મૃગ કુણ ગતિ જાય? સંસાર બુરો છે. ૫૪

ગુરૂ કહે તે સાંભળો રે, જોયું મોહનું જોર; સંસાર બુરો છે.
ઢાળ ત્રીજી પુરી કરી રે, આંસુ પડતાં બોર. સંસાર બુરો છે. ૫૫

## ઢાળ ચોથી

(શ્રેણિક રયવાડી ચડ્યો રે–એ રાગ)

ગુરૂ કહે તે સાંભળો રે, ભવીજન વાણી રસાલ;
વિંધ્યાટવી પૃથ્વી મહિં તે, ગજપતિ થશે રે વિશાલ રે–
પ્રાણી કર્મતણા ફળ જાણ, સાંભળો સદ્દગુરૂ વાણી રે. પ્રાણી કર્મતણા૦

મદોન્મત તે થશે રે, કરશે બહુ નુકશાન;
સુણતાં સુનંદા વાણીને રે, કરશે આત્મકલ્યાણ રે. પ્રાણી કર્મતણા૦ ૫૭

તપશ્ચર્યા કરતાં થકાં રે, સહસ્રાર વૈમાન;
ત્યાંથી મનુષ્ય થઈ કરી રે, પામશે શાસ્વત સ્થાન રે. પ્રાણી કર્મતણા૦ ૫૮

કર્મતણી સ્થિતિ સાંભળી રે, દંપતિ પામે વૈરાગ;
પુત્રને રાજ્ય ભળાવીને રે, સંસારનો કરે ત્યાગ રે. પ્રાણી કર્મતણી૦ ૫૯

પૃથ્વી વલ્લભ નૃપ મુનિવરૂ રે, તપ તપતા બહુ જાત;
બાર વર્ષ તપ સેવતાં રે, અષ્ટ કર્મોનો ઘાત રે. પ્રાણી કર્મતણી૦ ૬૦

રાણી સુનંદા સંજમે રે, પાળે વ્રત સુખકાર;
ચારિત્ર શુદ્ધ પાળતાં રે, અવધિજ્ઞાન જયકાર રે. પ્રાણી કર્મતણી૦ ૬૧

જ્ઞાન થકી તેણે જાણીયું રે, સુગ્રામ નગરી મોઝાર;
હાથી ભમતો આવશે રે, પ્રતિબોધું તે વાર રે. પ્રાણી કર્મતણી૦ ૬૨

ગુરૂણી તણી લઈ આણને રે, જાવે તેહ સુજાણ;
હાથી વૃક્ષ પાડતો રે, લેતો બહુજન પ્રાણ રે. પ્રાણી કર્મતણી૦ ૬૩

નૃપ પ્રજા બહુ ત્રાસથી રે, કરતાં બહુ જ ઉપાય;
કોટી ઉપાય કરતાં થકાં રે, લેશ ન શાન્તિ થાય રે. પ્રાણી કર્મતણી૦ ૬૪

આગમ ગજતણું જાણીને રે, સાધ્વી સન્મુખ જાય;
લોક નિવારે તણીને રે, દુર્ધર ગજપતિ કાય રે. પ્રાણી કર્મતણી૦ ૬૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધ્વી સન્મુખ ચાલતા રે, ગજ બન્યો વિકરાળ;
મુખચંદ્રને દેખતાં રે, થાવે ઠંડોગાર રે. પ્રાણી કર્મતણી૦ ૬૬

રૂપસેન રૂપસેન બુઝ તું રે, સાધ્વી મધુરી વાણ;
સાત ભવો સુધી મોહ વશે રે, ગુમાવ્યા તેં પ્રાણ રે. પ્રાણી કર્મતણા૦ ૬૭

પ્રતિબુઝયો તે ગજપતિ રે, પાડતો આંસુ ચોધાર;
વાંદી કહેતો ભાવથી રે, મુજના કરો રે ઉદ્ધાર રે. પ્રાણી કર્મતણી૦ ૬૮

ઉપદેશ વાણી સુણતાં રે, છઠ્ઠ તપ કરવા વિચાર;
રાય પ્રજા સહુ આવીયા રે, પામ્યા હર્ષ અપાર રે. પ્રાણી કર્મતણી૦ ૬૯

રાય આર્યાને વાંદતાં રે, પ્રજાનો સહકાર;
કૃપા કરી અજા ઉપરે રે, કર્યો બહુ ઉપકાર રે. પ્રાણી કર્મતણી૦ ૭૦

સાધ્વી કેતાં રાયને રે, ઉત્તમ ગજની જાત;
સુલક્ષણો તે ગજપતિ રે, સેવતાં સુખ દિનરાત રે. પ્રાણી કર્મતણી૦ ૭૧

સ્વામીબંધુ તપસ્વી રે, સેવતા આત્મકલ્યાણ;
ભક્તિ તેહની કરજો રે, સાંભળી શુભ ગુરુવાણ રે. પ્રાણી કર્મતણી૦ ૭૨

નૃપ કહે ગજ આવશે રે, આપ બળે મુજ આવાસ;
બનતી સેવાને કરી રે, સુખ પામીશ હું ખાસ રે. પ્રાણી કર્મતણી૦ ૭૩

ગજપતિ જાતો રાજમાં રે, કરતો છઠ્ઠ પચ્ચક્ખાણ;
કાળ કરી તે પામનો રે, સહસ્રાર વૈમાન રે. પ્રાણી કર્મતણી૦ ૭૪

સાધ્વી સુનંદા તપ તપી રે, પામે કેવળજ્ઞાન;
ભવ્ય જીવોને તારતા રે, પામતા શિવપુર સ્થાન રે. પ્રાણી કર્મતણી૦ ૭૫

મન ચિંતિત પાપનું રે, સુણતાં ફળ વૈરાગ;
ભવી જીવ તું પામીને રે, કરજે મોહનો ત્યાગ રે. પ્રાણી કર્મતણી૦ ૭૬

મનોહરદેવ ગુરૂ થકી રે, પામી ઉત્તમ નાણ;
મનમોહન સ્થિતિ કર્મની રે, તોડી કરો કલ્યાણ રે. પ્રાણી કર્મતણી૦ ૭૭

પાલીતાણા તિર્થ ભૂમિ રે, અમરચંદ જસરાજ;
મેડી અનુપમ જેહમાં રે, ચતુર્માસ શિવકાજ રે. પ્રાણી કર્મતણી૦ ૭૮

દોય સહસ્ત્ર તેરના રે, અશ્વીન શુક્લ માસ;
પ્રતિપદા તિથી દિવસે રે, પૂર્ણ કર્યો આ રાસ રે. પ્રાણી કર્મતણી૦ ૭૯

—મુનિ મનમોહનવિજયજી

[ સમાપ્ત ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિરાંતે ઉંઘો !

લેખક : બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

દિવસ ઉગે ઉઠવું અને રાત પડે ઉંઘવું એ આપણો જીવનનો નિત્યક્રમ બની ગયેલો હોય છે. શરીર થાકે છે અને ઉંઘ આવે છે. થાક ઉતરે છે અને નવા ઉત્સાહથી આપણે જાગીએ છીએ. ઉંઘ જો બરાબર આવેલી હોય તો જાગ્યા પછી નવો ઉત્સાહ વધે છે. અને ઉંઘ બરાબર આવી નહીં હોય તો આપણી અસ્વસ્થતા વધે છે. કોઈ કામમાં આપણું મન ચોંટતું નથી અને પછી આખો દિવસ બગડે છે. પણ પ્રશ્ન એ થાય છે કે, નિરાંતે ઉંઘ ક્યારે આવે ? આપણને કોઈ જાતની ચિંતા ન હોય તો બરાબર ઉંઘ આવે. પણ ચિંતા હોય તો ગમે તેટલા પાસા ફેરવીએ તો પણ ઉંઘ દૂર ને દૂર દોડતી રહે છે આપણા હાથે કોઈનો કાંઈ અપરાધ થયો હોય, આપણે કોઈનું મન દુભવ્યું હોય તો આપણે શાંતપણે ઉંઘી શકતા નથી. આપણા હાથે કોઈ પાપ જાણતા કે અજાણતા થઈ ગએલું હોય ત્યારે આપણી મનની અસ્વસ્થતા ખૂબ વધી જાય છે. અને અનેક જાતના પ્રયત્નો કરવા છતાં આપણે નિરાંતે ઉંઘી શકતા નથી. શરીર ઘણું થાકી ગયેલું હોય અને થોડી ઘણી ઉંઘ આવી જાય તો એવી આપણી ઉંઘ અનેક જાતના દુઃસ્વપ્ન લઈ આવે છે. અને આપણી અસ્વસ્થતામાં ખૂબ જ વધારો થઈ જાય છે. પછી આપણે કોઈ વૈદ્ય ઉપચાર કરવા બેસીએ તો પણ દવા લાગુ થતી નથી. અને ધીમે ધીમે આપણા શરીરમાં રોગ ઘર કરી બેસી જાય છે. આમ થતાં આપણને નિરાંતે ઉંઘ ક્યાંથી આવે ?

આપણી વાસનાઓ તો એટલી બધી વધતી રહે છે કે, એકની ચિંતા મટે નહીં ત્યાં બીજી ચિંતા મ્હોં ફાડી રાક્ષસીની જેમ બીવરાવે છે. આમ આશા ને વાસના વધતીજ રહે ત્યારે મનનું સમતોલપણું જાળવવું મુશ્કેલ તો શું પણ અશક્ય બની જાય છે. અને આવી પરિસ્થિતિમાં નિરાંતે ઉંઘ આવે એ કેમ બને ? મજુર રોજી મેળવી સાંજે જે મળ્યું તે ખાઈ રાતના નિરાંતે ઉંઘી શકે છે. ત્યારે લાખોની કમાણી કરી મોટરોમાં અને વિમાનોમાં વિહરનારા ધનપતિઓ નિરાંતે ઉંઘી શકતા નથી. એમને અનેક અનિષ્ટ સ્વપ્નો આવે છે, ઉંઘ બગડી જાય છે, વચમાં જ ઝબકી ઉઠવું પડે છે. અને આખો દિવસ અને રાતમાં પણ અસ્વસ્થતા અનુભવવી પડે છે.

આ બધી આપત્તિઓનું કાંઈ કારણ હોય તો તે આપણે દિવસમાં એવા બધા કાર્યો કરતા રહીએ છીએ કે તેથી ચિંતાની પરંપરા વધતી જ જાય છે. ત્યારે મનની સ્વસ્થતા શી રીતે પ્રાપ્ત થાય ? જેને સુખ અને સમાધાન કહી શકાએ, રોમાંચ ઉભા કરે એવો આનંદ અનુભવીએ એવો પ્રસંગ ક્યારે આવે ? લક્ષ્મીની આરાધના ચાલતી હોય ત્યારે સુખ મળવાનું છે એવી ભ્રમણા ઉત્પન્ન થાય છે. અમુક વસ્તુ મળવાથી નિશ્ચિંત સુખ મળશે. આનંદ વધશે એમ લાગે છે પણ એ વસ્તુ મળ્યા પછી બીજી વસ્તુની ઝંખના તીવ્ર રીતે ચાલે છે. અને તે મળતા ત્રીજી વસ્તુની માંગણી શરૂ થાય છે. આમ એક સરખી દોડાદોડની શરત લાગી જાય છે. એનો અંત ક્યારે આવે ?

મને સુખેથી નિદ્રા આવતી નથી, ખાવાનું ભાવતું નથી, વારંવાર અપચન થાય છે, કોઈ કોઈ વાર માથું દુખવા માંડે છે, આવી બધી પરિસ્થિતિ શાથી જન્મે છે ? ડાક્ટર અનેક ઈંજેક્શનો આપે છે. અને પોતાનું બીલ ઉઘરાવી ખીસા ભરે છે. આ બધું શાનું પરિણામ ? જમવા બેઠેલા હોય, જુદી જુદી વાનીઓ પીરસેલી હોય, જમણ ચાલતું હોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવામાં ટેલીફોનની ઘંટડી વાગે છે. અને એકે મોટે એલાર્મ કરી હાથમાં ભુંગળું પકડવું પડે. અને પ્રસંગે જમણ મૂકી દોડાદોડ કરવી પડે એવા ભાગ્યવાનને નિરાંતે ઉંઘ આવે એ શી રીતે સંભવે ? અને એવો માણસ ધારે તો પણ ધર્મ વ્રતો અને અનુષ્ઠાનો શી રીતે કરી શકે ? એ ભાઈ સાહેબ તો ધર્મ પણ અન્તરમાં જેમ કપાસ, સોનું, ચાંદી કે શીંગદાણાની પેઠે ખરીદ કરવા માગે છે. એને લાગે છે કે થોડા નાણાં ખરચ કરીશું અને મહોત્સવો કરીશું કે વરઘોડા કાઢીશું અગર ચાંદી સોનાની મૂર્તિ ભરાવીશું એટલે ધર્મ તો પોતાની મેળે આવી જ જવાનો ! કીર્તિ, મોટાઈ, ધામધૂમ કે સોના ચાંદીના ચળકાટમાં જ ધર્મ સમાએલો છે. આવા મહાનુભાવોને અમો ધર્મઅન્ધ નરકે વિનવીશું કે, ભાઈ સાહેબ ! તમો માનો છો એ ધર્મનો માર્ગ હોય જ નહીં. દિવસમાં આપણા હાથે પરોપકાર, દયા, ન્યાયપૂર્વક વર્તન, ઉદારતા કે પ્રામાણિકતા જેટલા પ્રમાણમાં થયેલી હશે તેટલી જ આત્મશાંતિનો લાભ આપણને મળશે. અને તેટલા જ પ્રમાણમાં આપણા હાથે કાંઈક પુણ્યકાર્ય કે ધર્મ થયો એ વસ્તુ સિદ્ધ થશે. લોભ અને મોજ એ ધર્મના સાધનો નથી. તેમ કીર્તિની લાલસા કે જગતમાં વાહવાહ પોકરાવવી એ પણ ધર્મ પામવાનું સાધન નથી. એ તો લાલસા અને વાસનાને પોષવાના સંસારરસી કાર્યો છે. એ વસ્તુ ગમે તેટલી કરો તો પણ આત્મશાંતિ મળતી નથી, તેમ નિરાંતે ઉંઘ આવતી નથી.

નિરાંતે ઉંઘ આવવા માટે શરીર સ્વાસ્થ્ય બરાબર હોવું જોઈએ. કોઈ પ્રકારનો રોગ હોવો નહીં જોઈએ. તેમ જ મન પણ સ્વસ્થ અને નિર્વિકાર હોવું જોઈએ. તો જ ઉંઘ આવી શકે. ધર્મસાધના કરવી હોય ત્યારે મન નિશ્ચિંત હોવું એ અનિવાર્ય વસ્તુ છે. મનને ચિંતા હોય, કામની ઉતાવળ હોય, આપણું કોઈ બગાડી તો નહીં નાખેને ? એવી અનેક જાતની ગડમથલો મનમાં ચાલેલી હોય ત્યારે એ ધર્મસાધના શી રીતે કરી શકે ? અને ચિંતાની આગમાં બળતો માણસ સુખેથી ઉંઘી પણ શી રીતે શકે ? માટે જ જો આપણે સારી નિદ્રાનો અનુભવ કરવો હોય, શરીર નિરોગી રાખવું હોય અને મન આપણા તાબે રાખી ધર્મસાધના કરવી હોય તો આપણે જે જે કાર્ય કરીએ છીએ તે ઉપર પૂરી તકેદારી રાખવી પડશે. આપણે નિરંકુશપણે વર્તન કરતા રહીશું ત્યાંસુધી સારી નિદ્રાનો આનંદ આપણે મેળવી શકીશું એ આશા આકાશ કુસુમવત્ છે.

રાજકીય ક્ષેત્રમાં જેઓ નિરપેક્ષ રહી નિરલસપણે લોકસેવા કરવા માટે કટિબદ્ધ થએલા હોય છે, તેઓ ઉંઘવાના સમયે ક્ષણવારમાં ઉંઘી જાય છે. તેઓ નિર્વૈર વૃત્તિ ધરાવે છે, અને સત્ય અને ન્યાયના ભોક્તા હોઈ તેમનું આચરણ પૂર્ણ વિવેકવાળું હોય છે, તો જ આ વસ્તુ બની શકે છે. જેમનામાં જરાપણ સ્વાર્થવૃત્તિ હોય ત્યારે આવી રીતે તેઓ ઉંઘી શકતા નથી. ન્યાય કરનારને હું નિર્વિકાર રહીશ તેમ પૂર્વગ્રહ ધારણ કરીશ નહીં એવી પ્રતિજ્ઞા લઈ પછી જ ન્યાયાસન ઉપર બેસી શકાય છે. જ્યારે બીજા ક્ષેત્રોમાં આવી તકેદારી રાખવાની હોય ત્યારે ધર્મક્ષેત્રે તો એ વસ્તુ નિરપવાદપણે સંપૂર્ણ રીતે પ્રતિજ્ઞાબદ્ધ થવું જ પડે એ દેખીતી વસ્તુ છે. અને જ્યારે સંત મહાત્મા એવી ઉચ્ચ કોટીની કક્ષાએ જઈ પહોંચે છે ત્યારે ત્યારે તેઓના આત્માનંદમાં કોઈ ખલેલ પહોંચાડી શકતું નથી. તેઓ તદ્દન ખડબચડી જમીન ઉપર પણ ક્ષણવારમાં નિરાંતે સારી નિદ્રાનો અનુભવ કરી શકે છે. જેમને ખટપટો કરી પોતાની મોટાઈની ચિંતા વહન કરવી પડે છે તેઓ પોતાના વિચારનું સમતોલપણું ગુમાવી બેસે છે અને તેથી જ અનેક જાતના ખોટા તર્કવિતર્કોને આધીન થઈ તેઓ સારી નિદ્રા ખોઈ બેસે છે.

જો સાચે જ આપણને નિરાંતે ઉંઘ આવે એવી ઇચ્છા હોય તો આપણે આપણા વિચારો અને આપણી આચરણા ધરમૂળથી બદલી નાખવી પડશે. આપણા હાથે કોઈપણ જાતનું અનુચિત કાર્ય ન થઈ જાય તેની સાવચેતી રાખવી પડશે. સરળતા અને સજ્જનતા તેમ જ ન્યાયીપણું અને વિનય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

લેખાંક : ૩૭

## સાતમી નારકીએ

ત્રિપૃષ્ટનો જીવ ઓગણીશમે ભવે નરક ગતિમાં ગયો. આવી નારકીઓ સાત છે તે પૈકી સાતમી નારકીએ એનો જીવ ગયો ત્યાં અશ્વગ્રીવનો જીવ પહેલેથી આવી પહોંચેલો છે. અહીં સાતે નરકોનાં સ્થાન, આયુષ્ય, વેદનાના પ્રકારની હકીકત શાસ્ત્રમાં બતાવી છે તે રજૂ કરીએ, એટલે એને બાર દેવલોકના સ્વરૂપ સાથે સરખાવી શકાય આ યુગમાં ભૂગોળની હકીકત લખતાં એ જરા વિચિત્ર લાગશે, પણ પ્રાચીન ભૌગોલિક માન્યતા લક્ષ્યમાં રહે તે માટે તેનું અવધારણ આવશ્યક છે. આખી ગણિતની બારીક ગણતરી અને વિગતોની ચોકસાઇ જોતાં આવી વિગતો માત્ર કલ્પનાથી ઉદ્ભવી છે એમ કહેવું મુશ્કેલ છે. દેવગતિ અને નરકગતિ પર બહુ વિસ્તારથી ઉલ્લેખ શ્રી બૃહત્સંગ્રહણી ( જિનભદ્ર ગણિક્ષમાશ્રમણ ). અને તે પરની ટીકાથી જાણવા મળે છે. નારકોની વેદના માટે જીવાભિગમ અને વિપાક સૂત્રમાં ઉલ્લેખ છે. અહીં બહુ મુદ્દામ અને સામાન્ય ખ્યાલ આપે તેટલું નારકોનું સ્વરૂપ વિચારી લઇએ. બાકી વિગતવાર અભ્યાસીએ તો સદર ગ્રંથો જોવા. અહીં તો માત્ર ઉપરછલ્લો ખ્યાલ આવે તેટલી વિગત સદર ગ્રંથોને આધારે આધાર આપવામાં આવી છે

આપણા પૃથ્વીતળની નીચે સમભૂતળા પૃથ્વીની નીચેના ભાગમાં એક હજાર જોજન મૂકી દીધા પછી નરકાવાસા શરૂ થાય છે. પ્રથમ નરકનું નામ ધર્મા, એના સ્થાનનું નામ **રત્નપ્રભા**. એના ૧૩ પ્રસ્તરે (પ્રતર) છે. પ્રતર એટલે માળ જેવા ઉપર ઉપરના વિભાગો. દેવલોકમાં ૬૨ પ્રતર છે એમ અગાઉ જણાવ્યું છે તે પ્રમાણે સાતે નારકોમાં થઇને ૪૯ પ્રતર છે એ પૈકી પહેલા નરકાવાસમાં ૧૩ વિભાગો ( પ્રતરો ) બતાવવામાં આવ્યા છે.

પહેલા પ્રતરનું જઘન્ય આયુષ્ય ૧૦૦૦૦ વર્ષનું હોય છે, ત્યારે ઉત્કૃષ્ટ આયુષ્ય ૯૦૦૦૦ વર્ષનું હોય છે. એમ દરેક પ્રસ્તરે સો ગુણા કરવાના. એટલે બીજા પ્રસ્તરમાં જઘન્ય આયુષ્ય દશ લાખ વર્ષનું અને ઉત્કૃષ્ટ નેવું લાખ વર્ષનું. ત્રીજા પ્રસ્તરમાં જઘન્ય ૯૦ લાખ વર્ષ અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ. આ પ્રમાણે વધતાં વધતાં તેરમાં પ્રસ્તરમાં જઘન્ય આયુષ્ય ૯/૧૦ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમનું થાય.

બીજા **શર્કરા પ્રભા** નરકાવાસમાં ૧૧ પ્રતર છે. જઘન્ય આયુષ્ય ૧ સાગરોપમનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ સાગરોપમનું હોય છે. અગ્યારે પ્રતરમાં ઉત્તરોત્તર વધતું જાય છે તે નીચેના પ્રતરનું ઉત્કૃષ્ટ તે ઉપરના પ્રતરના જઘન્યને ધોરણે વધતું જાય છે. આ નરકાવાસનું નામ વંશા કહેવાય છે.

ત્રીજી **વાલુકાપ્રભા**માં ૯ પ્રતર હોય છે. એમાં જઘન્ય આયુષ્ય ૩ સાગરોપમ કાળ છે અને ઉત્કૃષ્ટ

---

આપણા અંગભૂત ગુણો કરી લેવા પડશે એમ થતું નથી ત્યાંસુધી આપણે નિરાંતે ઉંઘી શકીશું નહીં. આપણા મનમાંથી કુડકપટ, હારજીત કે અહંભાવ સંપૂર્ણ રીતે ઉખેડી નાખવા પડશે. આપણે ગમે તેટલી ઉંચી કક્ષાએ પહોંચેલા છીએ એમ આપણે પોતે અને લોકો આપણને ગણતા હોય તો પણ જ્યાંસુધી પૂર્વોક્ત ગુણો સાથે આપણામાં વિનય નમ્રતા અને પરમત સહિષ્ણુતા પ્રગટે નહીં ત્યાંસુધી આપણને સારી નિદ્રા મળવાની નથી એ નક્કી સમજી રાખવું જોઇએ.

નિરાંતે ઉંઘ આવે એવી ઇચ્છા હોય તો આપણે આપણી વાસનાઓ અને વિકારોનો રોધ કરવોજ પડશે. અને ત્યારે જ નિરોગી શરીર અને નિરોગી મન આપણને મળી શકશે. અને આત્માની ઉન્નતિ કરવા માટે ધર્મસાધના ત્યારે જ શક્ય બની શકશે. ઇત્યલમ્.



For Private And Personal Use Only

સાત સાગરોપમનો સમય બતાવ્યો છે. અને દરેક પ્રતરે આયુષ્ય કાળ એવી રીતે વધતો જાય છે કે ઉપરના પ્રતરનું ઉત્કૃષ્ટ હોય તે તેની પછીના પ્રતરનું જઘન્ય બને છે. આ નરકાવાસનું નામ શૈલા કહેવાય છે.

ચોથી નારકીનું સાન્વય અભિધાન **પંકપ્રભા** છે. એમાં જઘન્ય આયુષ્ય ૭ સાગરોપમનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦ સાગરોપમનું હોય છે, એમાં પ્રતરો ૭ છે અને ઉત્તરોત્તર આયુષ્ય ૭ અને ૧૦ સાગરોપમની અંદર વધતું જાય છે એનું નિરન્વય નામ અંજના કહેવામાં આવે છે.

પાંચમી નારકીનું અભિધાન **ધૂમપ્રભા** છે. એમાં પ્રતર પાંચ હોય છે, જઘન્ય આયુષ્ય દશ સાગરોપમનું અને ઉત્કૃષ્ટ ૧૭ સાગરોપમનું હોય છે. પ્રતરે પ્રતરે સદર દશ અને સત્તર સાગરોપમની વચ્ચે વધતું જાય છે. એ નરકાવાસનું નામ રિષ્ટા કહેવાય છે.

છઠ્ઠી **તમઃપ્રભા** નરકાવાસમાં ત્રણ પ્રતર હોય છે. એમાં જઘન્ય આયુષ્ય ૧૭ સાગરોપમનું અને ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમનું હોય છે. એનું નામ મઘા કહેવાય છે.

અને સાતમા નરકાવાસનું નામ **તમસ્તમા** પૃથ્વીમાં માત્ર એક જ પ્રતર છે. એનું જઘન્ય આયુષ્ય ૨૨ સાગરોપમ કાળનું બતાવવામાં આવ્યું છે, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ કાળનું છે. એનું નિરન્વય નામ માઘવતી જણાવ્યું છે આ સાતમી નારકીમાં નારક તરીકે ત્રિપૃષ્ટનો જીવ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું આયુષ્ય લઈ ઉત્પન્ન થયો

આ ધર્માદિ સાતે પૃથ્વીઓ ઘનોદધિ ઘનવાત તનુવાત અને આકાશ પર પ્રતિષ્ઠિત છે અને એનું સંસ્થાન છત્રાતિછત્ર બતાવ્યું છે. એ ધર્માદિ સાતે નરકાવાસની ઊંચાઈ અનુક્રમે ૧૮૦૦૦૦, ૧૩૨૦૦૦, ૧૨૮૦૦૦, ૧૨૦૦૦૦, ૧૧૮૦૦૦, ૧૧૬૦૦૦ અને ૧૦૮૦૦૦ યોજનની બતાવી છે.

નારકોને વેદના ત્રણ પ્રકારની હોય છે. ક્ષેત્રવેદના, પરસ્પરવેદના અને પરમાધામીકૃત વેદના. ગરમ ક્ષેત્રો એટલાં ગરમ હોય છે કે આ દુનિયાની ભારેમાં ભારે આકરી ગરમીમાં પણ નારકોને ઊંઘ આવી જાય છે. ઠંડા ક્ષેત્રની ટાઢ એવી આકરી હોય છે કે અહીંની ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવની ઠંડી તેની પાસે નામની ગણાય. આવી ક્ષેત્ર વેદના સ્થાન પરત્વે થાય છે. પ્રથમ નરકાવાસ ( રત્નપ્રભા ) ઉષ્ણ છે. પ્રથમના ચારે નરકાવાસો વધારે વધારે ઉષ્ણ હોય છે. એની ગરમી એટલી આકરી હોય છે કે એનું વર્ણન કરવું મુશ્કેલ છે. પાંચમી ધૂમપ્રભા નરકાવાસમાં શીતવેદના છે. એમાં થોડા નરકાવાસો ઉષ્ણ પણ છે. છઠ્ઠી અને સાતમી નરકમાં શીતવેદના તીવ્ર અને તીવ્રતર હોય છે. એની પરાકાષ્ઠા સાતમા નરકાવાસમાં હોય છે અને ત્યાં ત્રિપૃષ્ટ અને અશ્વગ્રીવ ગયા છે.

નરકાવાસોમાં પુદ્ગલોનાં બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ ને શબ્દ રૂપ દશ પ્રકારનું પરિણામ છે તે સર્વ નરકમાં ક્ષેત્ર સ્વભાવથી જ અતિ પીડાજનક હોય છે. ત્યાંનાં સર્વ પુદ્ગલો એવી રીતે ગોઠવાય છે અને ગોઠવાયલાં હોય છે કે એનાથી પીડા અને પીડા જ થયા કરે, ચાલુ પીડા રહ્યા કરે અને ક્ષણકાળ પણ નિરાંતનો કે આરામનો મળે જ નહિ. એની જમીન ત્રાસ આપે તેવી સર્વ મૂત્ર, રુધિર, વસા મેદાથી ભરપૂર દુર્ગંધમય અને વાતા અંધકારમય. જાણે ચોતરફ કલેવરો પડેલાં હોય તેવું બીહામણું, એનો સ્પર્શ પણ વીંછીના ચટકાથી આકરા ચટકા મારે તેવો, ચારે તરફ ઘોંઘાટ કકળાટ આર્તનાદ અને કરુણા ઉપજે તેવો અને ખેદ કરાવે તેવો આખા વાતાવરણનો પડઘો ચારે તરફ પડતો રહે છે, ત્યાં આલાપ અને વિલાપ સિવાય કાંઈ સાંભળવાને મળતું નથી અને નારકોની ક્ષુધા તૃષા ભારે કષ્ટકારી અને કદી શાંત ન થાય તેવી હોય છે. એમનાં હોઠ, તાળવાં અને કંઠ નિરંતર શોષાયલાં જ રહે છે. વાત એટલે સુધી ખરાબ હોય છે કે એમને અવધિ કે વિભંગ જ્ઞાન હોય તે પણ દુઃખનું કારણભૂત થાય છે, કારણ કે તેઓ ચાલુ દુઃખો ભોગવે છે તે ઉપરાંત ઉપર નીચે કે બાજુએથી ચાલ્યા આવતાં ભવિષ્યનાં દુઃખોના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેતુઓને પહેલેથી જાણી શકે છે અને તેના ભયથી કંપી થરથરી ઉઠે છે. આવી રીતે ક્ષેત્ર વેદના દશ પ્રકારની હોય છે.

અન્યોન્ય વેદના:–નારકો ભયંકર રૂપ લઈ એક બીજાને વૈક્રિય શસ્ત્રો મારે છે, સામસામા લડે છે અને જેની સાથે લડીને આવ્યા હોય તેને વિભંગ જ્ઞાનથી યાદ કરીને આગલા ભવનાં વેર વાળે છે. એ જીવો વૈક્રિય સમુદ્ઘાતના યોગે લોહનાં અનેક શસ્ત્રો નીપજાવે છે અને પરસ્પર શિલા તોમર પરશુ વગેરે શસ્ત્રો મારી વધારે વધારે વેર વસાવતા જાય છે. વૈક્રિય શસ્ત્રો બનાવી શકાય છે અને એ સિવાય પોતાના હાથ પગ દાંત નખનો ઉપયોગ પણ લાત પાટુ બચકાં અને ડંખ માટે કરે છે. શરીર પારા જેવાં વૈક્રિય હોવાથી કપાય કે તૂટી જાય તો પાછાં એક થઈ જાય છે અને આ રીતે ક્રોધથી ભરેલા આખો વખત મારામારી અને આર્તરૌદ્ર ધ્યાનમાં આખો વખત પસાર કરે છે. ત્યાં રાત દિવસનો તફાવત નથી, સૂર્ય કદી ઊગતો નથી અને એક ક્ષણવાર શાંતિ વળતી નથી માત્ર કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ હોય તો તે કર્મની વિચિત્રતા અને પોતે કરેલ કર્મોને યાદ કરી તેનો વિપાક શાંતિથી અનુભવે છે તો તેને કર્મબંધન પાતળું થાય છે. બાકી તો આખું વાતાવરણ જ એટલું ઉશ્કેરાટવાળું ભયંકર ગંદુ અને થથરાવી નાખે તેવું હોય છે કે એમાં કોઈ પ્રકારની શાંતિ સ્થિરતા કે પ્રગતિ થવાના પ્રસંગો પણ પ્રાપ્ત થતા નથી સામસામી લડાઈના પ્રસંગો હાલતાં ચાલતાં ઊભા થાય છે, ઘણાખરા આગલા ભવના હિસાબો પતાવતા જાય છે, કોઈ નવાં ખાતાં બાંધતાં જાય છે, પણ આખો વખત ઉકળાટ, ત્રાસ, ભય, ખીજવાટ અને કકળાટમાં જ પસાર થાય છે અને નારકો પરસ્પર એવા પ્રસંગો પ્રેરણાથી ઊભા કરી પોતાનો ત્યાંનો વસવાટ વધારે અસહ્ય અને ત્રાસજનક હાથે કરીને બનાવે છે.

અત્યંત તુચ્છ અધ્યવસાયવાળા પરમાધાર્મિક નામના દેવો ત્યાં હોય છે. તેમને પર જીવોને દુઃખ દેવામાં, તેમને આરડતાં સાંભળવામાં અને તેમના પર અનેક પ્રકારના ત્રાસો નાખવામાં જ મજા આવે છે અંબ અંબરીષ વગેરે પંદર જાતના આવા દેવો હોય છે. તેઓ કોઈવાર તપાવેલ લોઢાના રસનું પાન નારકોને કરાવે છે, કોઈવાર ઘણ વડે તેમને પ્રહાર કરે છે, કોઈ વાર શાલ્મલી વૃક્ષપર તેમને ચડાવી નીચે ઝીંકે છે, કોઈવાર એમને લોઢાના ઘણ વડે પ્રહારે છે, કોઈવાર સિંહ વાઘ દીપડા ગીધ ઘૂવડ જેવાનાં રૂપ લઈ નારકોને કદર્થના કરે છે, કોઈવાર નારકોને તપાવેલી રેતીમાં ચલાવે છે, અસિપત્ર વનમાં પ્રવેશાવે છે, વૈતરણી નદીમાં ઉતારે છે, પરસ્પર લડાવે છે અને કુંભીપાકમાં પચાવે છે, લગભગ દરેક વેદના એટલી અસહ્ય હોય છે કે તેને પરિણામે નારકો પાંચસે યોજન જેટલા ઊંચા ઊછળે છે અને પાછા પડે ત્યારે કાક–દ્રોણ જેવા પક્ષીઓ તેમને વજ્ર જેવી કઠોર ચાંચો ભોંકે છે. કલ્પનામાં પણ ન આવે તેવી અનેક પ્રકારની પીડાઓ આ પરમાધામી દેવો નારકોને ઘણી હોંસથી કરે છે અને નારકો બૂમ પાડે આરડે ત્યારે વધારે વધારે આનંદમાં આવતા જાય છે.

મનુષ્ય લોકમાં સાંઢોની કે કુકડાની લડાઈ જોઈ અનેક મનુષ્યો આનંદ પામે છે, જેમ એ વધારે લોહીલુહાણ થાય તેમ વધારે સારી લડાઈ જામી એમ ઉચ્ચારે છે, મલ્લોના મુષ્ટિયુદ્ધ કે ગડદાપાટા (boxing)માં મલ્લને પટકાતા જોઈ તાળીઓ પાડે છે, તેમ આ પરમાધાર્મિક દેવોને નારકોને ત્રાસ પડતો જોઈ લહેર થાય છે, એ દેવો નારકોને જમીન પર પછાડે છે, પરસ્પર અફળાવે છે, લડતા જોઈને મોજ ઉડાવે છે અને એક બીજાને વિદારતાં જોઈ અટ્ટહાસ કરે છે. આવા પરમાધામી દેવો પ્રથમની ત્રણ નરકોમાં થાય છે. આ ત્રીજા પ્રકારની વેદના છે.

ક્ષેત્ર વેદના સાતે નરકાવાસામાં હોય છે, પરસ્પરોદીરિત વેદના છ નરકો સુધી હોય છે અને પરમાધામીકૃત વેદના પ્રથમના ત્રણ નરકાવાસ.માં હોય છે. સાતમી નરકમાં ત્યાંના જીવો અસિ કુંતલ વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શસ્ત્રો વિકુર્વી તેનાથી પરસ્પર વેદના કરે છે. એ જીવો વજ્રમય તુંડ (મુખ) વાળા લાલ વર્ણના કુંથુઓ અને ગોમય કીડાઓ વિકુર્વી એક બીજાનાં શરીરને તેના વડે કોતરાવતા કોતરાવતા અને કાષ્ટના કીડા જેમ શરીરને ચાલણી જેવું કરતાં તેનજ શરીરની અંદર પ્રવેશ કરતા ગાઢ વેદનાને ઉદીરે છે. એમનાં પારા જેવાં વૈક્રિય શરીરનું માપ પણ બતાવવામાં આવ્યું છે. ભવ ધારણીય વૈક્રિય શરીર સાતમી નરકપૃથ્વીમાં પાંચસે ધનુષ્યનું હોય. પછી દરેકમાં અર્ધ અર્ધ ઉત્કૃષ્ટ શરીર થતું જાય, એટલે છઠ્ઠીમાં ૨૫૦, પાંચમીમાં ૧૨૫, ચોથીમાં ૬૨॥ ધનુષ્ય ત્રીજીમાં ૩૧, બીજીમાં ૧૫ ધનુષ્ય ૨॥ હાથ અને પ્રથમ નારકીમાં ભવધારણીય શરીર ઉત્કૃષ્ટ ૭ ધનુષ, ત્રણ હાથ અને ૭ આંગળનું બતાવ્યું છે. સાતમી નરકમાં તો એક જ પ્રસ્તર છે, પાંચસે ધનુષ્યની કાયા હોય છે, વૈક્રિય શરીર હોવાથી કાપ્યું કપાતું નથી, પારાની જેમ એકઠું થઇ જાય છે. આવી સાતમી નરકમાં ત્રિપૃષ્ટનો જીવ તેત્રીસ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય લઇને આવ્યો. તેની પહેલા પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ ત્યાં આવી પહોંચેલો હતો. આ બન્નેએ દીર્ઘ કાળ સુધી પરસ્પર કદર્થનાઓ પણ ભારે ઉપજાવી, તીવ્ર શસ્ત્રો અને હથિયારો વિકુર્વી તેનાથી વેરની વસુલાતો કરી, કુંથુઆ ઉપજાવ્યા, પરસ્પર ચટકાઓ લગાવ્યા અને ભાતભાતની વેદનાઓ અને પીડાઓ સહન કરી. સાતમી નરકમાં પરસ્પર ઉદીરિત વેદના કરતાં કુંથુઆની પીડા ભારે હોય છે નારકો મરીને દેવગતિમા કે નરક ગતિમાં તુરત જતા નથી અને સાતમી નારકીના જીવો તો મરીને તુરતના ભવમાં મનુષ્ય પણ થતા નથી. તેઓ તિર્યંચ ગતિમાં જાય છે. તેત્રીસ સાગરોપમના દીર્ઘ-કાળ સુધી ત્રિપૃષ્ટના જીવે આ સાતમી નરકમાં ભયંકર વેદનાઓ સહન કરી. એટલો દીર્ઘ કાળ ત્યાં પૂરો કરી ત્રિપૃષ્ટનો જીવ હવે આગળ વધે છે.

( ચાલુ )

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)


# જૈન રામાયણ

<u>પ્રસિદ્ધ થઇ ગયું છે</u>

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર–પર્વ ૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ. એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂા. ચાર (પોસ્ટેજ અલગ)

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્યમાં 'પારો'

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

'પારો' શબ્દ ગુજરાતી ભાષાનો છે. એના નીચે મુજબ ૭ અર્થ થાય છે:—

(૧) એક ખનીજ પ્રવાહી ધાતુ, (૨) માળાનો મણકો, (૩) તંબૂરો સુરેલ બનાવવા માટે રખાતો તારને ભેરવેલો મણકો, (૪) સ્ત્રીઓનું એક ઘરેણું, (૫) બંદૂકની ગોળી કે એનો છરો, (૬) અવાળુ અને (૭) પાર્ષદ યાને 'સ્વામીનારાયણ' સંપ્રદાયનો એક કોટિનો સેવક.[1]

આ સાત અર્થ પૈકી અહીં તો પ્રથમ અર્થ જ અભિપ્રેત છે. એ હિસાબે 'પારો' એ સફેદ પ્રવાહી વજનદાર ધાતુ છે.

**પર્યાયો–અભિધાનચિન્તામણિ** (કાંડ ૪) માં 'પૃથ્વીકાય'ના વિવિધ પ્રકારો ગણાવતાં શ્લો. ૧૧૬ માં 'પારો' અર્થવાચક નીચે મુજબના છ સંસ્કૃત શબ્દો અપાયા છે—

(૧) ચલ, (૨) પારત, (૩) પારદ, (૪) રસ, (૫) સૂત અને (૬) હરબીજ.

જિનદેવે વિ. સં. ૧૪૩૩ માં રચેલા **શિલોંછ** (શ્લો. ૯૧) માં પારદના પર્યાય તરીકે 'ચપલ' શબ્દ આપ્યો છે.

પાઇય ભાષામાં આને અંગે ત્રણ શબ્દો જોવાય છે. પારય, રસ અને રસિંદ.

આ પૈકી 'રસ' શબ્દ **નિસીહ** (ઉ. ૧૩)ની **વિસેસચુણ્ણિ**માં વપરાયો છે. 'રસિંદ' શબ્દ **જીવવિચાર** (ગા. ૩) અને **સુયાસ્સાય**(શ્રુતાસ્વાદ)ની ગા. ૧૫૮ માં નજરે પડે છે. આને લગતો સંસ્કૃત શબ્દ 'રસેન્દ્ર' છે. 'પારયપદ્દણ' **સમરાઇચ્ચકહા**ની નિમ્નલિખિત પંક્તિમાં જોવાય છે.

" अंगकढिणयाहेउं च सेवंति पारयमद्दणं "

'પારો' માટે અંગ્રેજીમાં બે શબ્દ છે. (૧) mercury અને (૨) quick-silver આ પૈકી, પારો રૂપા જેવો અને ચપળ હોવાથી બીજો શબ્દ ઉદ્ભવ્યો હશે એમ લાગે છે.

**વ્યુત્પત્તિ–અભિધાનચિન્તામણિ**ની સ્વોપજ્ઞ વિવૃતિ(પૃ. ૪૨૦)માં આ નામમાલામાંના છ યે શબ્દોની **વ્યુત્પત્તિ** અપાઈ છે તેમજ 'ચપલ'નો વધારાના પર્યાય તરીકે ઉલ્લેખ છે. આ બધી વ્યુત્પત્તિમાંથી અહીં હું ત્રણજ નોંધું છું.—

" सूते हेमायुषी सूतः, शिवात् प्रसूतो वा । "
" हरस्य बीजं हरबीजम् "
" रस्यते रसायनार्थिभिरिति रस. "

**પૃથ્વીકાય**–'પારો' પૃથ્વીકાય છે એમ **અભિધાનચિન્તામણિ, જીવવિચાર** વગેરે જૈન ગ્રંથોમાં દર્શાવાયેલ છે.

**પારાનું ઉછળવું**–વિનયવિજય ગણિએ જુનાગઢમાં વિ. સં. ૧૭૦૮ માં **લોકપ્રકાશ** રચ્યો. એના ત્રીજા સર્ગના ૪૫૨ મા શ્લોક પછી નીચે મુજબની લોકોક્તિનો ગદ્યમાં ઉલ્લેખ છે:—

પારાને કોઈ વિપુલ શણગાર સજેલી સ્ત્રી જુએ તો કુવામાં રહેલો એ પારો ઉછળે છે એમ લોકમાં સંભળાય છે.

આ સંબંધમાં મારી કલ્પના એ છે કે સામાન્ય રીતે સુવર્ણની સમીપમાં પારો હોય તો પારો ઝટ સુવર્ણ તરફ પ્રયાણ કરી એને વળગે છે. એ હિસાબે સુવર્ણનાં વિવિધ આભૂષણો કોઈ સ્ત્રીએ પહેરેલાં હોય તો એ સુવર્ણને લેવાને પારો ઉછળે ત્યારે

[1] જુઓ સાર્થ ગુજરાતી જોડણીકોશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂળ દૃષ્ટિએ વિચારનાર સુવર્ણને નહિ, પણ એના આભૂષણવાળી સ્ત્રીને કારણરૂપ ગણે.

આ કલ્પના સબળ છે કે કેમ તે બાબત તજજ્ઞો વિચારે. સાથે સાથે આવી લોકોક્તિ ક્યારથી પહેલવહેલી પ્રચલિત બની તેની તેઓ તપાસ કરે.

**પારા જેવો દેહ**—'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર** (પર્વ ૮, સર્ગ ૧૨, શ્લો. ૭૧–૭૪)માં નિમ્નલિખિત [1]વૃત્તાન્ત રજૂ કર્યો છેઃ—

રામ (બલરામ) સો વર્ષ દીક્ષા પાળીને સ્વર્ગે ગયા. અવધિજ્ઞાન વડે એમણે (વાસુદેવ) કૃષ્ણને (પોતાના ભાઈને) ત્રીજી નરકમાં ઉત્પન્ન થયેલા જોયા. આથી એમણે વૈક્રિય શરીર રચ્યું અને ભાઈના ઉપરના હેતથી મોહ પામેલા એઓ કૃષ્ણ પાસે આવ્યા અને એમને ભેટીને બોલ્યા કે હું તમારો ભાઈ રામ છું અને તમારું રક્ષણ કરવા બ્રહ્મલોકથી (પાંચમા કલ્પથી–સ્વર્ગથી) અહીં આવ્યો છું તો તમારા આનંદ માટે શું કરું? આમ કહી એમણે કૃષ્ણને હાથ વડે ઊંચક્યા તો એ કૃષ્ણ હાથમાંથી સરીને પારાની જેમ ભૂમિ ઉપર પડી ગયા અને મળી ગયા.

આમ અહીં નારક તરીકે જન્મેલા કૃષ્ણનો દેહ પારા જેવો હતો એમ કહ્યું છે તો નારકોનો દેહ પારા જેવો હોવાનો કોઈ સ્પષ્ટ પાઠ કોઈ પ્રાચીન જૈન કૃતિમાં હશે, પણ એવી કોઈ કૃતિનો ઉલ્લેખ હું અત્યારે તો કરી શકતો નથી. એથી વિશેષજ્ઞોને આ બાબત પ્રકાશ પાડવા મારી વિજ્ઞપ્તિ છે.

**સુવર્ણનો પારામાં પ્રવેશ અને એનું નિર્ગમન–વિવાહ પણ્ણત્તિ** (સયગ ૧૩, ઉદ્દેસગ ૪, સુત્ત ૪૮૧)માં આકાશાસ્તિકાયનો વિચાર કરતી વેળા કહ્યું છે કે એના એક પ્રદેશમાં એક જ પરમાણુથી માંડીને હજારો કરોડ પરમાણુઓ માય આના સ્પષ્ટીકરણમાં અભયદેવસૂરિએ બે ઉદાહરણ આપ્યાં છે તેમાં બીજા ઉદાહરણ તરીકે એમણે પત્ર ૬૦૮ આ. ૬૦૯ અ.માં કહ્યું છે કે એક કર્ષ જેટલા પારામાં, વિશિષ્ટ ઔષધિને લઈને ઉત્પન્ન થયેલા પરિણામને કારણે સો કર્ષ જેટલું સુવર્ણ પ્રવેશે છે (અર્થાત્ માય છે) અને વિશિષ્ટ ઔષધિના સામર્થ્યથી એ પારામાંથી એક કર્ષ પારો અને સો કર્ષ સુવર્ણ ફરીથી પ્રાપ્ત કરાય છે. આનું કારણ પુદ્ગલના પરિણામની વિચિત્રતા છે.[1]

આ ઉદાહરણ **લોક પ્રકાશ** (સ. ૨)માં શ્લો. ૪૭–૪૮[2] રૂપે ઉપર્યુક્ત **અભયદેવસૂરિકૃત** વૃત્તિના આધારે અપાયું છે. આમ આ ઉદાહરણ ૧૧૨૮ જેટલું તો પ્રાચીન છે જ.—એ ઉદાહરણ વિવાહપણ્ણત્તિની [3]ચુણ્ણિમાં છે કે નહિ. તે જોવું બાકી રહે છે. એ ત્યાં હોય છે કે નહિ, પરંતુ આ ઉદાહરણ મત બાબત સૌથી પ્રથમ ક્યાં દર્શાવાઈ છે અને કઈ ઔષધિને લઈને પારામાં સુવર્ણનો પ્રવેશ થાય છે અને કઈ ઔષધિ વડે એ સમગ્ર સુવર્ણ પાછું પ્રાપ્ત કરાય છે તેની સત્વર શોધ થવી ઘટે.

અહીં એ વાત ઉમેરીશ કે બાણે તેમજ સમભાવભાવી હરિભદ્રસૂરિએ પણ મણિ, મંત્ર અને ઔષધનો અચિન્ત્ય પ્રભાવ હોવાનું કહ્યું છે. એટલે ઔષધિના પ્રભાવ વિષે મારે વિશેષ કહેવાનું રહેતું નથી.

---

૧ આ વૃત્તાંત **ચઉપ્પન્નમહાપુરિસચરિયમાં** જણાતો નથી. કદાચ **કહાવલીમાં** હશે. સૌથી પ્રથમ આ વૃત્તાંત કઈ કૃતિમાં મળે છે તેની તપાસ કરવી બાકી રહે છે.

૧ આને લગતો પાઠ નીચે મુજબ છેઃ—

" औषधि विशेषापादित परिणामादेकत्र पारदकर्षे सुवर्णकर्षशतं प्रविशति, पारदकर्षीभूतं च सदौषधिसामर्थ्यात् पुनः पारदस्य कर्षः सुवर्णस्य च कर्षशतं भवति. विचित्रत्वात् पुद्गलपरिणामस्य।"

२ " विशल्यौषधि सामर्थ्यात् पारदस्यैककर्षके।
सुवर्णस्य कर्षशतं तौल्ये कर्षाधिकं न तत् ॥४७॥
पुनरौषधिसामर्थ्यात् तद् द्वयं जायते पृथक्।
वर्णस्य कर्षशतं पारदस्यैककर्षकः ॥४८॥"

૩ આ ચુણ્ણિ અદ્યાપિ અપ્રકાશિત રહી છે તેથી સખેદ આશ્ચર્ય થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# यशस्वतसागरगणि संकलित मान-मंजरी

लेखक : श्री अगरचंद नाहटा

१८ वीं शताब्दी में श्रीमद् यशोविजयजी देवचंदजी, उपाध्याय मेघविजय, धर्मवर्धन, आनंदघन आदि अनेक जैन विद्वान हो गये हैं, जिन्होंने जैन साहित्यके विविध क्षेत्रोंको अपनी रचनाओं द्वारा पल्लवित किया। इनमें तपागच्छके एक विद्वान् यशस्वतसागर गणि भी ज्योतिष एवं न्यायशास्त्रके अच्छे विद्वान् थे। उनके रचित विचारषट् त्रिंशिका अवचूरि सं० १७२१ (१७१२ ?), भावसप्ततिका सं० १७४०, जैन सप्त पदार्थी सं० १७५७, प्रमाण वादार्थ सं० १७५९ सांगानेर, गृहलाघव ज्योतिषग्रंथ पर वार्तिक सं० १७६०, जन्मकुंडली पर यशोराजि राजपद्धति (स्वलिखित सं० १७६२), रत्नाकरावतारिकापंजिका में से वादार्थ निरूपण, स्याद्वाद मुक्तावलि और स्तवनरत्न आदि ग्रंथ बनाए। 'जैन साहित्यनो संक्षिप्त इतिहास' के पृष्ठ ६५६ में उनके उपरोक्त ग्रंथोंका नाम देते हुए लिखा है कि इन सबकी प्रतियां उदयपुरके यति विवेकविजय भंडारमें उपलब्ध हैं। इनमें से स्याद्वाद मुक्तावलि और जैन सप्तपदार्थी प्रकाशित भी हो चुकी है। इनकी रचनाएं सं० १७२१ से १७६२ तककी प्राप्त हैं। अतः इन ४१ वर्षों में और भी रचनाएं अवश्य ही की होंगी जिनकी खोज की जाना आवश्यक है। कुछ वर्ष पूर्व जयपुरके दिगम्बर भंडारमें 'मानमंजरी' नामक इनके एक ग्रंथकी नई एवं अशुद्ध सी प्रति मिली। जिसका परिचय प्रस्तुत लेखमें कराया

---

એક કર્ષ જેટલા પારામાં સો કર્ષ જેટલું સુવર્ણ પ્રવેશે ત્યારે એ પારાનું વજન એટલું જ રહે છે એમ લોકપ્રકાશ(સ. ૨, શ્લો. ૪૭)માં કહ્યું છે પરંતુ એના કદમાં વધારો થાય છે કે નહિ તે વિષે કોઈ ઉલ્લેખ જાણવામાં નથી.

વજનમાં વધારો ન થાય એ વિષે આકાશમાં જે બે રશિયનો-ગાગેરિન અને ટીટોવ ગયા ત્યારે તેમણે વજનવિહોણી સ્થિતિ પ્રાપ્ત કરી હતી એમ વર્તમાનપત્રોના ઉલ્લેખ ઉપરથી જણાય છે. એમાં પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો અભાવ કે બાહ્યાવકાશના વાતાવરણની પરિસ્થિતિ કારણભૂત છે કે અન્ય કોઈ કારણ હશે તે તો વૈજ્ઞાનિકો કહે તે ખરું. એવું કોઈ કારણ વિશિષ્ટ ઔષધિના પ્રભાવથી પારામાં ઉપસ્થિત થતું હોય તો એમાં સો કર્ષ જેટલું સુવર્ણ પ્રવેશે છતાં એ પારાનું વજન એક જ કર્ષ જેટલું જ રહે એવી કલ્પના હું રજૂ કરું છું. એની સત્યતા વિચારવાનું કાર્ય તજ્જ્ઞોને ભળાવું છું.

પારો અને વૈદ્યક-વૈદ્યકને અંગે કેટલીક [1]જૈન કૃતિઓ રચાઈ છે. સોમપ્રભાચાર્યે રસપ્રયોગ રચ્યો છે. એમાં પારાના ૧૮ સંસ્કારો વિષે ઉલ્લેખ હશે. અનંતદેવસૂરિએ ૯૦૦ શ્લોક જેવડી રસચિન્તામણિ નામની કૃતિ રચી છે. આ શું જૈન કૃતિ છે? આચાર્ય કંકાલયે રસાધ્યાય રચ્યો છે. એના ઉપર મેરુતુંગસૂરિએ વિ. સં. ૧૪૪૩ માં સંસ્કૃતમાં [2]વાર્તિક રચ્યું છે.

---

૧ આનો પરિચય મેં જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ(ખંડ ૧, પૃ. ૨૨૭-૨૩૨, ૨૯૬-૨૯૮ અને ૩૦૮-૩૧૧)માં આપ્યો છે.

૨ આ વાર્તિક મૂળ સહિત "ચૌખંબા ગ્રંથમાલા"માં પ્રસિદ્ધ કરાયું છે. આને લગતો મારો લેખ "રસાધ્યાય કિંવા કંકાલાધ્યાય અને મેરુતુંગસૂરિકૃત સંસ્કૃત વાર્તિક (વિ. સં. ૧૪૪૩)" સિદ્ધભારતી (વ. ૫, અં. ૧૦)માં છપાયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जा रहा है। दिगम्बर भंडारोमें और भी कई ऐसे श्वेताम्बर ग्रंथ मिले है जिनकी प्रतियां श्वेताम्बर भंडारोमें भी नहीं हैं। वास्तवमें हमारे हस्तलिखित ग्रंथ संग्रहालय समय-समय पर इधर-उधर बिखर कर बहुत ही अस्तव्यस्त हो गए। जिस किसीको जो अच्छा ग्रंथ हाथ लग गया, उसने अपने संग्रहमें उसे रख लिया कि दूसरोंको दिखानेमें भी संकुचित वृत्ति रही। इस लिए उनका प्रचार अधिक नहीं हो पाया। यद्यपि मान-मंजरीकी प्राप्त प्रति नई सी है, इस लिए उसका मूल आदर्शप्रति किसी श्वेताम्बर भंडारमें अवश्य मिलना चाहिए। अभी तक बहुत सी यतियों आदिके ग्रंथ भंडार अज्ञातावस्थामें पड़े हैं, प्रयत्न करने पर भी वे उसे दिखाते तक नहीं। ऐसी ही संकुचित वृत्तिसे हजारों ग्रंथ नष्ट एवं लुप्त तक हो गए। इधर बहुतसे ग्रंथ भंडार बिकते जा रहे हैं और कहीं की प्रतियां कहीं ही पहुंच जाती है पता ही नहीं लगता। हमारे पूर्वजोंने कितना परिश्रम करके जगह-जगह ज्ञान-भंडार स्थापित किए और आज उन्हीं के वंशज उन ग्रंथोंके नष्ट होनेमें निमित्त कारण बन रहे हैं।

'मानमंजरी' यशस्वतसागरकी मौलिक रचना नहीं है, इस लिए इसके ४ परिच्छेद या प्रस्तार में से दो में 'यशस्वतसागर गणि समर्थितायाम्' और पिछले दो में 'संकलितायां' शब्द प्रयुक्त है। अंतिम प्रशस्तिमें रचना-कालका भी उल्लेख है, पर कुछ पाठ अशुद्ध होनेसे संवत् स्पष्ट नहीं हो पाया है। प्राप्त प्रति ४० पत्रोंकी है, प्रत्येक पृष्ठमें ११ पंक्ति और प्रत्येक पंक्तिमें ३६ अक्षर हैं। आदि अंतके श्लोक इस प्रकार हैं :-

स्तुत्वा सारस्वतीं सारस्वतीं-धिया गुरुं गुरुं।
स्व सिद्धये पराक्षेप प्रसिद्धयै मानमंजरी ॥१॥
मान्य मान मता मंद-मोद मोदित मानस।
मान सन्मान सिद्धयर्थ मयमेव ह्युपक्रमः ॥२॥
स्वसंवेदनतस्तत्वरूपं चांतर्व्यवस्थितं।
साभिधेयं ससम्बन्धं बहिः शब्दतयोच्यते ॥३॥
वक्तृत्वं च कवित्वं च विद्वत्तायाः फल द्वयं।
वक्तृत्वं नो कवित्वं नो पंडितोपि नरः खरः ॥४॥
वाचां प्रवृति किल शब्द निष्ठा शब्दाः
पुनर्व्याकरण प्रतिष्ठा।
तस्याप्यनेक त्वमत्रांकनीयं
त्पाणिनीयाऽनुगतं वदंति ॥५॥

अन्त-

चारित्रसागर गुरो प्रथितस्य शिष्य,
कल्याणसागर गुरुर्गरिमैक सिंधुः।
विद्वद्वंश प्रथम सागर तद्विनेयः,
शश्वद् यशस्व दुहधिस्तपगच्छवर्त्ती ॥ १॥
प्रियः शिष्योऽस्मदीयोयं विचादिम सागरः।
तच्छिष्यो मान सन्मामा तदर्थोऽयमुपक्रमः ॥२॥
ग्रंथात् तरात् समुद्धृत्य लिखिता मानमंजरी।
संशोध्य वाचनीयेयं, विद्भिर्मयि कृपापरैः ॥३॥
आसन्न षष्ठि सनृपाल मितैषचांदि,
राधायां तिथौ भृगुदिने कर संस्थ चंदिरे।
युक्तार्थयुक्ति फलितां शुभ मानमंजरीं,
यशस्वदुदधिर्व्यलिखत् सुमंगलम् ॥

समाप्ताचेयं मानमंजरी नाम मंजीरीम्।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મહાવીર જિન પારણું

(રાગ—મા તું આરા તે સુરની રાણી હો માતા, અંબાજી ગરબે ઘૂમે છે.)

ત્રિશલાજીના નંદન હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
નિત્ય નિત્ય કરીએ વંદન હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧
ક્ષત્રિયકુંડમાં જન્મ્યા હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
દેવે મહોત્સવ ઉજવ્યા હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૨
નિર્મળ ત્રણ જ્ઞાને હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
ભોગને રોગ જ જાણે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૩
ત્રીસ વરસ ગૃહવાસ હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
વાર્ષિક દાન જ દેઈ ખાસ હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૪
સંયમ લઈને વિચરે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
અભિગ્રહ આકરા કરે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૫
કોસંબી નગરીમાં આવે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
રોજ રોજ ભિક્ષાએ જાવે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૬
અભિગ્રહ પુરો ન થાયે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
ચિંતાતુર સહુ થાયે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે ૭
પાંચ દિન ઉના છ માસે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
ચંદના શેઠના ઘરવાસે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૮
મૂલા શેઠાણીએ મારી હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
માથુ મુંડાવ્યું બેડી ધારી હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૯
ભોંયરે પુરી છે વળી હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
ત્રણ દિવસે ભાળ મળી હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧૦
બહાર કાઢી બાકુળા આપ્યા હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
લુહાર પાસે શેઠ પહોંચ્યા હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧૧
ઉંબરે બેઠી ચિંતે ચંદના હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
વીર પ્રભુને કરૂં વંદના હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧૨
દાન દેવાના ભાવ આવ્યા હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
એવા ટાણે પ્રભુ આવ્યા હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧૩
હર્ષ ઘણો હૈયે પામી હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
અભિગ્રહમાં આંસુની ખામી હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧૪
વીરજી આવી પાછા જાય હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
ચંદના આંખે આંસુ ભરાય હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧૫
અભિગ્રહ પુરો તે વારે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
પારણું કર્યું તે વારે હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧૬
બેડી તૂટીને વેણી થઈ હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
અહો દાનની ધ્વની થઈ હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧૭
પંચદિવ્ય થયા તે વાર હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે.
નિત્યાનંદ રણકાર હો લાલ, વીરજી ગોચરી ઘૂમે છે. ૧૮

મુનિ નિત્યાનંદ વિજય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

## સૂચિપત્ર

## વાંચવા તેમજ વિચારવા યોગ્ય સરલ પુસ્તકો

| | |
|---|---|
| બાલેન્દુકાવ્યકૌમુદી | ૨-૦-૦ |
| શ્રી આનંદઘનજીનું દિવ્ય-જીવનમાર્ગદર્શન | ૧-૮-૦ |
| શ્રી આનંદઘનજીનાં પદો (વિવેચન સહિત) | ૭-૮-૦ |
| ચોસઠ પ્રકારી પૂજા (અર્થ તેમજ પચીશ કથા સહિત) | ૩-૦-૦ |
| આદિનાથ ચરિત્ર | ૧-૮-૦ |
| આચારપ્રદીપ | ૦-૧૨-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ |
| ઉપમીતી પીઠબંધ ભાષાંતર | ૦-૧૨-૦ |
| ગુણસ્થાનકક્રમારોહ | ૦-૧૨-૦ |
| જૈનકથા રત્નકોશ ભાગ છઠ્ઠો | ૩-૦-૦ |
| ઉપમીતી ભવપ્રપંચા કથા ભાષાંતર ભાગ ૧ લો | ૫-૦-૦ |
| ,, ભાગ ૩ જો | ૫-૦-૦ |
| ,, ભાગ ૪ થો (સંપૂર્ણ) | ૫-૦-૦ |
| ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ | ૨-૦-૦ |
| ,, પર્વ ૩-૪ | ૨-૦-૦ |
| જૈન રામાયણ પર્વ ૭ | ૪-૦-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો | ૩-૮-૦ |
| ,, ભાગ ૩ જો | ૩-૦-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૨-૦-૦ |
| વીસસ્થાનક તપવિધિ | ૨-૮-૦ |
| દેવવંદનમાળા | ૨-૪-૦ |
| ધન્ના શાલિભદ્રનો રાસ | ૦-૧૨-૦ |
| યુરોપનાં સંસ્મરણો | ૧-૮-૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| સ્નાત્રકળશાદિ સંગ્રહ | ૨-૦-૦ |
| હેમચંદ્રાચાર્ય ચરિત્ર | ૦-૧૨-૦ |
| નયપ્રદીપ | ૧-૦-૦ |
| લલીત વિસ્તરા | ૯-૦-૦ |
| શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ ૮ | ૧-૧-૦ |
| ,, ભાગ ૯ | ૧-૮-૦ |
| પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા | ૨-૮-૦ |
| દાનધર્મ પંચાચાર | ૧-૦-૦ |
| જ્ઞાનસાર (વિવેચન સહિત) | ૨-૦-૦ |
| પાઇય [illegible] અને સાહિત્ય | [illegible]-૦-૦ |
| તાત્વિક લેખસંગ્રહ | ૨-૦-૦ |
| જૈનદૃષ્ટિએ યોગ | ૨-૮-૦ |
| અષ્ટક પ્રકરણ | ૦-૧૨-૦ |
| આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| કચ્છ—ગિરનારની મહાયાત્રા | ૧-૮-૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ |
| દેવવિનોદ | ૧-૦-૦ |
| દંડક તથા લઘુસંગ્રહણી | ૧-૦-૦ |
| નવસ્મરણ | ૦-૧૨-૦ |
| બે પ્રતિક્રમણ સૂત્ર (અર્થ તેમજ ભાવાર્થ સહિત) | ૧-૮-૦ |
| સ્યાદ્વાદમંજરી | ૩-૦-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


| | |
|---|---|
| સિદ્ધાંતમુક્તાવલી | ૧-૦-૦ |
| માનવ જીવનનું પાથેય | ૦-૮-૦ |
| ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૦-૦ |
| સુમતિ દેશના | ૦-૧૨-૦ |
| [illegible] | ૦-૧૨-૦ |
| [illegible] | ૦-૨-૦ |
| [illegible] | ૦-૪-૦ |
| [illegible] | ૦-૪-૦ |
| [illegible] | ૦-૪-૦ |
| [illegible] | ૦-૪-૦ |
| [illegible] | ૦-૪-૦ |
| [illegible] | ૦-૨-૦ |
| સિંદૂર પ્રકર | ૦-૪-૦ |
| [illegible] | ૦-૪-૦ |
| [illegible] (નાની) | ૦-૪-૦ |
| બાર વ્રતની પૂજા-અર્થ સાથે | ૦-૫-૦ |
| આત્મસ્મરણ અને સ્નાત્રપૂજા | ૦-૮-૦ |
| પંચસંયત પ્રકરણ | ૦-૪-૦ |
| પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા -અર્થ સાથે | ૦-૫-૦ |
| બાર ભાવનાની સઝ્ઝાય | ૦-૪-૦ |
| [illegible] | ૦-૪-૦ |
| [illegible] | ૦-૩-૦ |

| | |
|---|---|
| આદર્શ ને સરળ પ્રશ્નોત્તર (સ્વ. કુંવરજીભાઈ) ભાગ ૨ | ૦-૪-૦ |
| " ભાગ ૩ | ૦-૫-૦ |
| " ભાગ ૪ | ૦-૬-૦ |
| વ્યવહારકૌશલ્ય ભાગ ૨ | ૦-૪-૦ |
| શારદાપૂજન વિધિ | ૦-૧-૬ |
| [illegible] | ૦-૩-૦ |
| [illegible] | ૦-૩-૦ |
| [illegible] | ૦-૩-૦ |
| [illegible] | ૦-૪-૦ |
| ગુજરાતી દુહા સંગ્રહ | ૦-૪-૦ |
| ગૌતમસ્વામીનો મોટો રાસ | ૦-૧-૦ |
| ચાર દિશાની તીર્થમાળા | ૦-૪-૦ |
| ચિદાનંદજી ભાગ ૨ જો | ૦-૪-૦ |
| જંબૂદ્વીપસમાસ | ૦-૪-૦ |
| જિનસહસ્ર નામ | ૦-૪-૦ |
| તત્ત્વામૃત ગ્રંથ | ૦-૪-૦ |
| તીર્થંકરનામાવળી | ૦-૪-૦ |
| ધનપાળપંચાશિકા | ૦-૪-૦ |
| નમસ્કાર મહાત્મ્ય | ૦-૪-૦ |
| પ્રકરણ રત્નસંગ્રહ ભાગ ૨ | ૦-૫-૦ |
| " " ભાગ ૩ | ૦-૬-૦ |
| પાક્ષિક અતિચાર-અર્થ સાથે | ૦-૪-૦ |
| પવિત્રતાને પંથે | ૦-૬-૦ |

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઈ ચૂકી છે. સાથેસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવો પણ સામેલ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

મુદ્રક : મંગળદાસ [illegible] શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only